Extra No. 417

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] THURSDAY, NOVEMBER 20, 2025 / KARTIKA 29, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

File No: KHD/MAG/e-file/450/2025/3209/MAG BRANCH- ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરની વખતો વખતની સૂચનાઓ તથા તેઓના તા.૧૭/૦૯/૨૦૨૫ અને તા.૦૭/૧૧/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક:HD/MIS/e-file/8/2025/0778/SB2, થી “સ્કાય લેન્ટર્ન” (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/ પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ-પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી કોઈ અન્ય દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લેતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તા અન્વયે ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા સૂચના થઈ આવેલ છે. જે સંદર્ભે નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની અન્ય રીટ પીટીશન (PIL) નં.૨૫૩/૨૦૧૬ માં નામ. ગુજરાત હાઈકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના આદેશ થી ચાઈનીઝ માંઝા/ નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વધુમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હી સમક્ષની ઓરીજીનલ એપ્લીકેશન નં.૩૮૪/૨૦૧૬ તથા ૪૪૨/૨૦૧૬, ખાલીદ અશરફ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને અન્યોના કેસમાં તા.૧૧/૦૭/૨૦૧૭ ના હુકમથી આપેલ ડાયરેકશન અન્વયે પતંગ ચગાવવાના નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ ચાઈનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે. સંયુકત સચિવશ્રી (કા.વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગરના ઉપર જણાવેલ પરિપત્ર, નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હીના હુકમ પરત્વે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ બહાર પાડવા સૂચના આપેલ છે.

આગામી તા.૧૪-૧૫/૦૧/૨૦૨૬ ના રોજ ખેડા જિલ્લામાં મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. જે સંબંધે રાજયમાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પર પ્રતિબંધ મુકવા સારૂ જાહેરનામું બહાર પાડવા સૂચના આપવામાં આવેલ હોય. છેલ્લા ઘણા સમયથી લોકો ધ્વારા દિવાળી, ઉતરાયણ તથા અન્ય તહેવારો દરમ્યાન રાત્રીના સમયે સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પવન અથવા કોઈ વસ્તુ સાથે અથડાય છે ત્યારે તેમા આગ લાગે છે અને તે જમીન ઉપર આવે છે. સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડયા પછી ગમે તે સ્થળે પડી શકે છે, પરિણામે આગ લાગવાના પ્રસંગો નકારી શકાય નહી. સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) પર મોટા ભાગે બાયોડિગ્રેડેબલ લખેલ હોય છે પરંતુ આ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ની ગુણવત્તા સારી હોતી નથી અને સસ્તા મીણના ચોસલા તેમા બળતણ તરીકે વપરાય છે. જે બાયોડિગ્રેડેબલ નથી, તથા તે મોટી પર્યાવરણીય આપત્તી સર્જી શકે છે. ભૂતકાળમાં સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ને કારણે તહેવારો દરમ્યાન આગના બનાવો બનેલા હોય તેના ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી હોય આ બાબતે જનજાગૃતિ કેળવવા માટે પ્રતિબંધાત્મક પગલા ભરવા જરૂરી હોવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ

રહે તે હેતુસર તા.૧૩/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સુધ્ધાંત) નું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/0778/SB2, તા.૧૭/૦૯/૨૦૨૫ અને તા.૦૭/૧૧/૨૦૨૫ થી સૂચના થઈ આવેલ છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૧૩/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધ

(1) સસ્તા કાગળમાંથી બનેલા સ્કાય લેન્ટર્ન, કે જેમાં મીણના ચોસલા બળતણ તરીકે વપરાય છે તેવા તુક્કલ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી તથા આવા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા નહી.

(2) ચાઈનીઝ માંઝા/ નાયલોન / પ્લાસ્ટીક દોરી, સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડિગ્રેબલ હોય તેવી દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગિ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવો નહી તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી.

સ્પષ્ટીકરણ

“પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલ ઓછી તિક્ષ્ણ-શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે.

શિક્ષા

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તથા ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીયાદ, તા.૧૩મી નવેમ્બર, ૨૦૨૫.

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડીયાદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.12.10 17:00:00 IST